અપીલ અરજી નં.૨૫૭ તા.૧૮–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી બાબુભાઈ મગનલાલ લાઈટવાળા
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાબુભાઈ મગનલાલ લાઈટવાળા તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી લે આઉટ પ્લાન **ON SNO** ૬૮ ડુંભાલ તાલુકો ચોર્યાસી ગાયત્રી નગર સોસાયટીના લેઆઉટ પ્લાનની ખરી નકલ મેળવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૭/૨૦૧૦–૧૧

શ્રી બાબુભાઈ મગનલાલ લાઈટવાળા તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી લે આઉટ પ્લાન **ON SNO** ૬૮ ડુંભાલ તાલુકો ચોર્યાસી ગાયત્રી નગર સોસાયટીના લેઆઉટ પ્લાનની ખરી નકલ મેળવવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૩૦ તા.૩–૧૧–૧૦ થી આપવામાં આવેલ માહિતીમાં ઓરીજનલ પ્લાનની કોપી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૨ તા.૨૫–૧૧–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૨૮૨ તા.૧૬–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારની આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૯૩૦ તા.૩–૧૧–૧૦ થી આપેલ માહિતીની નકલ અને તે યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ, જાહેર માહિતી અધિકારીએ માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં. ૨૫૯૮ તા.૭–૧૦–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૬૬૮ તા.૧૩–૧૦–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી લે આઉટ પ્લાન **ON SNO** ૬૮ ડુંભાલ તાલુકો ચોર્યાસી ડીસ્ટ્રીકટ સુરતના ગાયત્રી નગર સોસાયટીના લેઆઉટ પ્લાનની ખરી નકલ મેળવવા માટે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૯૩૦ તા.૩–૧૧–૧૦ થી " ગાયત્રીનગરના લે આઉટ પ્લાનની માંગવામાં આવેલ નકલ તમને તમારી અગાઉ લીંબાયતઝોનના ઈનવર્ડ નં.૬૫૪૭ આઈ ડી નં.૨૫૩ તા.૨૪–૯–૧૦ ની લીંબાયતઝોને મળેલ અરજીના અનુસંધાને લીંબાયતઝોનના શહેર વિકાસના ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણે પૂરી પાડવામાં આવેલ છે." વધુમાં નકલની જરૂરીયાત હોય તો ઝોનના સીવીક સેન્ટરમાં નકલ ચાર્જના રૂા.૧૦૦/– ભરપાઈ કરીને તેની મુળ રસીદ મહેકમ વિભાગમાં રજૂ કરી મેળવી શકશે." તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે અપીલ અરજીમાં (૧) નોટીસનો જવાબ (૨) વેરાબીલ (૩) સોસા.ના પ્લાનની નકલ લીંબાયતઝોનમાં મેળવી લીધી છે જે નકલ બાબુભાઈ કોન્ટ્રાકટરે જે સોસા.નો પ્લાન રજૂ કરેલ તે પ્લાનની સોસા.ના ઓરીજનલ પ્લાન સાથે મેળવીને ખરી નકલનો સ્ટેમ્પ મારી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની તકરાર ગાયત્રીનગર સોસ.ના ઓરીજનલ પ્લાનની કોપીની નકલની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ પ્લાન ગાયત્રીનગર સોસા.નો ઓરીજનલ પ્લાન છે કે કેમ? જો તેની નકલ દફતરે હોય તો ઉપલબ્ધ પ્લાનની આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ મુજબ નાણા ભરપાઈ કર્યેથી અરજદારને પૂરી પાડવાની રહે. અથવા દફતર આધારીત માહિતી આપવાની રહે.

અરજદારની મુખ્ય તકરાર ગાયત્રીનગર સોસા.ના લે આઉટ પ્લાનની ફી નકલ મેળવવા અંગેની જણાય છે. જયારે જાહેર માહિતી અધિકારીએ અરજદારે અગાઉ આરટીઆઈ એકટ હેઠળ બાબુભાઈ કોન્ટ્રાકટરે રજૂ કરેલ પ્લાનની નકલની માંગણી કરેલ અને જે તે સમયે તે પૂરી પાડેલ. તેના સંદર્ભમાં જ અરજદારની હયાત અરજી હેઠળ તે જ પ્લાન આપવાનો પ્રસ્તાવ કરેલ છે. આમ બાબુભાઈ કોન્ટ્રાકટરે રજૂ કરેલ પ્લાન અને ગાયત્રીનગર સોસા. નો ઓરીજનલ પ્લાન એક જ છે કે અલગ અલગ તે બાબતે જાહેર માહિતી અધિકારીએ કોઈ સ્પષ્ટતા અરજદારને કરેલ નથી. તેમજ પૂરક વિગતોમાં પણ અત્રે પણ જણાવેલ નથી. જો તે અલગ અલગ હોય અને તે દફતરે ઉપલબ્ધ હોય તો અરજદારને તેની નકલ પૂરી પાડવા પાત્ર થાય. અને જો દફતરે ઉપલબ્ધ ન હોય તો તે પ્રમાણેની હકીકતથી અરજદારને અવગત કરવાના રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહી પૂરી પડાયેલ ઉપરોકત જણાવ્યાનુસારની દફતરી ઉપલબ્ધ ગાયત્રીનગર સોસા.ના પ્લાનની નકલ અથવા દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી બાબુભાઈ મગનલાલ લાઈટવાળા,